સત્યમેવ જયતે

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ........... | 10/10/2025 | | |
| રજીસ્ટરે લીધા તારીખ... | 10/10/2025 | | |
| ફેંસલ તારીખ............ | 01/08/2026 | | |
| સમયગાળો.......... | વર્ષ | માસ | દિવસ |
| | **00** | **09** | **22** |

**<u>વિરપુરના મે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં, મું. વિરપુર.</u>**

**ફો. પ. અ. નં. 50/2025.**

**આંકઃ**

**અરજદાર :--** **1.** રમીલાબેન મુકેશભાઈ ચામઠાની પત્ની તે મહેશભાઈ મથુરભાઈની દિકરી ઉ.વ.૨૨
રહે. મુ.પો. ગંધારી, તા. વિરપુર, જી. મહીસાગર.

**વિ રૂ દ્ધ**

**સામાવાળા :--**
**1.** મુકેશભાઈ રમેશભાઈ ચામઠા (પતિ), ઉ.વ. ૨૫
2. રમેશભાઈ ખોડાભાઈ ચામઠા (સસરા), ઉ.વ. ૫૮
3. રમીલાબેન રમેશભાઈ ચામઠા (સાસુ), ઉ.વ. ૫૫
4. વિક્રમભાઇ રમેશભાઈ ચામઠા (જેઠ),ઉ.વ. ૩૨
5. રિંકુબેન વિક્રમભાઈ ચામઠા (જેઠાણી),ઉ.વ. ૩૦
6. સંજયભાઈ રમેશભાઈ ચામઠા (દિયર),ઉ.વ. ૨૦

તમામ રહે. પાણીયા, તા. કડાણા, જી. મહીસાગર.

| | | |
|---|---|---|
| બાબતઃ | - | સને 2005 ના કૌટુંબિક હિંસાથી સ્ત્રીઓના રક્ષણ અધિનિયમની કલમ - 12 હેઠળની અરજી. |

| | |
|---|---|
| અરજદાર પક્ષ તરફે વિદ્વાન એ.પી.પી. શ્રી | ડી. જે. સેવક. |
| સામાવાળા પક્ષ તરફે વિદ્વાન વકીલ શ્રી | એમ. એલ. સોલંકી. |

*(D. J. Bhati)*
*Judi. Magi. First Class, Virpur.*

**--// જ જ મે ન્ટ //--**

૧. ફરિયાદ પક્ષમાં હકીકત એવી છે કે, આ કામના અરજદારના લગ્ન આ કામના સામાવાળા નં -૧ સાથે આશરે પાંચ વર્ષ (સને -૨૦૨૦)અગાઉ તેઓના સમાજના રિતરિવાજ મુજબ થયેલા છે અને અરજદારની ઉમર થતા તેઓને સને ૨૦૨૩ મા તેઓના સાસરી પક્ષના તેડી લઈ ગયેલા તેડી ગયા બાદ અરજદારના પિતાના ઘરથી તેઓને તિજોરી, સોફા, પલંગ, ગાદલા, રસોડા સેટ, ફ્રિઝ, બે હાથફુલ જે ચાંદીના હોઇ અને એક ચાંદીની પોહચી લઇ આ કામના સામાવાળા ને ત્યા સંયુક્ત કુટુબમા પત્નિ તરીકે રેહવા ગયેલા. ત્યા તેઓના સાસુ સસરા તથા જેઠ અને જેઠાણી અને તેઓના પત્નિ તરીકેની તમામ ફરજો અદા કરતા હતા લગ્ન બાદ આ કામના સામાવાળા તથા સાસુ- સસરા તેઓને આશરે છ(૬) માસ જેવુ સારી રીતે રાખેલા અને ત્યારબાદ આ કામના સામાવાળા અન્ય સ્ત્રી સાથે શારીરીક સબંધ ધરાવતા હોય જેથી અરજદાર ને મા બેન સમાણી ગાળો બોલી અને માનસીક તથા શારીરીક ત્રાસ આપવાનુ શરુ કરેલ તે બાબતે અરજદારે તેઓના સાસુ સસરા તથા જેઠ-જેઠાણી ને વાત કરતા તેઓએ જણાવેલ કે તેઓનો દીકરો આમ જ કરશે અને તેઓ તેની સાથે છે. ત્યાર બાદ આ કામના સામાવાળા તથા તેઓના સાસુ-સસરા તથા જેઠ -જેઠાણી બધા ભેગા મળી અરજદારને ઘરમા પુરી અને તેઓના શરીર ઉપરના તમામ વસ્ત્રો ખેચીને ફાડી નાખેલા અને નિર્વસ્ત્ર કરી અને ચામડાના પટ્ટા વડે તેઓના મોડામા કપડુ નાખી બુમા બુમ ના કરે તે રીતે તેઓને વારંવાર માર મારતા હતા અને મને નિરવસ્ત્ર કરી આખા ઘરમાં ફેરવતા હતા અને અરજદારના દિયરને બોલાવી અરજદાર પર બલાત્કાર કરાવવાના પ્રયત્નો કરેલ છે અને ગમેતેમ કરી તેઓ અરજદારે તેઓની ઉપર બલાત્કાર થવા દીધેલ નથી. ત્યાર બાદ આ કામના સામાવાળા તથા તેઓના સાસુ -સસરા તથા જેઠ-જેઠાણી તથા દીયર બધા ભેગા મળી નિર્વસ્ત્ર કરિ ટાટા-એઇસી ગાડી પાછળ બાંધી આખા ફળીયામા અરજદારને નિર્વસ્ત્ર કરી ઢોર માર મારતા ફેરવેલ અને તેઓ આજીજી કરતા તેમની ધાક થી આજુ બાજુવાળા કોઇ એ અરજદારને બચાવેલ નહી. આ કામના સમાવાળા તથા તેમના પરીવારે અરજદારને અસહ્ય માનસિક તથા શારીરીક ત્રાસ આપેલ છે. અરજદારના પિતાને ગરીબ વર્ગના માણસો છે અને લોકોના ત્યા મજૂરી કામ કરી અરજદારનું તથા પરિવાર નુ ગુજરાન ગમે તેમ કરીને કરે છે. આ કામના સામાવાળા શાકભાજી નો વેપાર કરીને માસિક ૩૫૦૦૦/- (અંકે રૂપિયા પાંત્રીસ હજાર પુરા) જેટલો નફો કરી કમાય છે. આ કામના સામાવાળા શરીરે તંદુરસ્ત અને સશક્ત છે આ કામના સમાવાળા ને અરજદાર સિવાય બીજા કોઇની ભરણ પોષણ ની જવાબદારી નથી અને અરજદારને તરછોડેલ છે. અરજદારને કોઇ કામ ધંધો કે હુન્નર આવડતો નથી. તેઓ અરજદાર આ કામના સામાવાળા સાથે જીવન ધોરણ મુજબ જીવન ગુજારતા રહેલા છે અરજદારનું ભરણ પોષણ સારી રીતે કરી શકે તેવી આર્થીક સ્થીતી આ કામના સામાવાળા ધરાવે છે. અરજદારને તેઓના મા - બાપ ને ત્યા ઓશીયાળુ જીવન જીવવુ ન પડે અને તેઓ અરજદારને કોઇ પણ પ્રકારની તકલીફ ન પડે તે માટે સામાવાળા પાસેથી ભરણ પોષણ મેળવવા આ અરજી કરેલ છે. આ કામના સામાવાળા

પાસેથી અરજદારને અરજી કરવાની તારીખથી માસીક રૂપિયા 15000/-( અંકે રૂપિયા પંદર હજાર પુરા ) ભરણ પોષણ માટે અરજદારને ભરણ પોષણ પેટે અપાવવા હુકમ કરવા અરજ કરેલ છે. અરજદારને ભરણ પોષણ પેટે સદર અરજી તારીખથી ભરણ પોષણ અપાવવા હુકમ કરવા નામ. કોર્ટ ધ્વારા મળતી બીજી અન્ય દાદો અપાવવા અરજ કરેલ છે. આ કામના સામાવાળાઓના અસહય ત્રાસથી અરજદારને માનસિક યાતના લાગણીસીલ પીડા થયેલ છે. તેના વળતર પેટે રૂપિયા-૫,૦૦,૦૦૦/ અંકે રૂપિયા પાંચ લાખ પુરા આ કામના સામાવાળાઓ પાસેથી અપાવવાનો સુરક્ષા આદેશ ફરમાવવા તથા અરજદારને તેઓના વતનના મુકામે રહેવા માટે વૈકલ્પી રહેઠાણની સુવિધા પુરી પાડે તથા મકાનનુ ભાડુ માસિક રુપિયા-૫,૦૦૦/ અંકે રુપિયા પાંચ હજાર પુરા ચુકવી આપે તેવો આદેશ ફરમાવવા અરજ કરેલ છે. આ કામના સામાવાળાઓ પાસેથી અરજદારના કરીયાવરમાં આવેલ દર દાગીના અપાવવાનો હુકમ કરવા તથા અરજીનુ તમામ ખર્ચ સામાવાળા પાસેથી અપાવવા અરજ કરેલ છે.

૨. સામાવાળાને નોટિસ બજતા સામાવાળાઓએ હાજર થઈ તેમના વિદ્વાન વકીલશ્રી મારફતે અરજદારની અરજીનો લેખિત જવાબ આંક-12 થી રજૂ કરેલ છે, જેમાં અરજીમાં સ્પટપણે કબુલ કર્યા સિવાયની હકીકતો સિવાય અન્ય હકીકતોનો પેરાવાઈઝ ઇન્કાર કરેલ છે, અને ખરી હકીકતે જણાવેલ છે કે, લગ્ન અગાઉ આ કામના સામાવાળાએ તેઓના સમાજીના રીત રીવાજ મુજબ એડવાન્સ રૂા.૨૦,૦૦૦/- અંકે રૂપિયા વીસ હજાર પુરા તથા ત્યાર બાદ રૂા.૧,૦૦,૦૦૦/- અંકે રૂપિયા એક લાખ પુરા આપેલ છે અને લગ્નનો તમામ ખર્ચ તેઓ સામાવાળા નં-૧ ના પિતાએ કરેલ છે.લગ્ન વખતે આ અરજદારને મંગળસુત્ર ૧૫૦ ગ્રામનું, છડા ૨૫૦ ગ્રામના,કેડ આંકડો,હાથ પગની વીંટી, સાંકળી,આંક્ડા વિગેરે આપેલ.જે તમામ દરદાગીના આ અરજદાર પાસે છે. આ કામના સામાવાળા નં-૧ નું લગ્ન આ અરજદાર સાથે નાની ઉમરમાં થયેલ છે. આ અરજદારના ભાઈ વિજયભાઈનો સંબંધ તેઓ સામાવાળા નં-૧ નાએ તેઓના કાકાના દિકરા ભરતભાઈની દિકરી શીતલબેનનો સંબંધ કરાવેલ જેના કારણે આ અરજદાર સામાવાળાઓ સાથે તકરાર કરી અવાર નવાર રીસાઈને તેણીના પિયરમાં જતા રહે છે અને વારંવાર છુટાછેડા આપી દેવા માગણી કરેલ છે. જેથી સામાવાળા નં-૧ તથા આ અરજદાર હિંમતનગર મુકામે છુટક મજુરીએ ગયેલા હતા તે દરમ્યાન રાત્રીના બે ત્રણ વાગે આ અરજદારના માતા-પિતા તથા પિયરપક્ષના માણસો પીકઅપ ડાલુ લઈને ૨૦ થી ૨૫ માણસો આવેલા અને સામાવાળા નં-૧ સાથે ઝગડો તકરાર કરી તેઓને જાનથી મારી નાખવાની ઘમકીઓ આપી આ અરજદારને લઈને જતા રહેલા. જેથી તેઓ સામાવાળાએ આ અરજદારને તેડી જવા માટે સમાજના માણસોને માલપુર મુકામે ભેગા કરેલા પરંતુ આ અરજદારના પિયરપક્ષના માણસો માનેલ નહી અને સામાવાળાનો સ્વૈછીક ત્યાગ કરેલ છે. આ કામના સામાવાળાઓ છુટક મજુરી કરી તેઓનું ભરણપોષણ કરે છે. આ અરજદારને તેઓ સામાવાળા સારી રીતે રાખતા હતા.આ અરજદારને રાખવા હાલ પણ તેઓ રાજી અને ખુશી છે .અરજદાર કહે તેવી જામીનગીરી આપીને પણ તેઓ અરજદારને રાખવા તૈયાર છે પરંતુ આ અરજદાર સ્વચ્છંદી અને સ્વતંત્ર જીવવા ટેવાયેલા છે.જેથી

તેણીના મા-બાપના કયામાં છે.જેથી આ અરજદાર તેણીના માતા પિતા કહે તેટલુ જ કરે છે અને તેઓ સામાવાળાનું કહેલ ક્યારેય માનતા નથી. આ અરજદાર જાતે ક્માણી કરી આ અરજદાર ખુબ જ શોખિલુ જીવન જીવે છે અને સામાવાળાને ત્યાં આવવાનો સ્પષ્ટ ઈન્કાર કરેલ છે. આમ આ અરજદારે તેઓ સામાવાળાના કોઈપણ જાતના વ્યાજબી કારણ સિવાય સ્વૈચ્છીક ત્યાગ કરેલ છે. આ અરજદારે તેઓના લગ્ન જીવન પ્રત્યે બેદરકારી અને ઉપેક્ષા સેવેલી છે.આ અરજદારને તેઓ સામાવાળાઓએ કદી મારજુડ કરેલ નથી કે શારીરિક માનસિક ત્રાસ આપેલ નથી પરંતુ તેઓની સાથે ઘર સંસાર ચલાવવો ન હોય ખોટી હકીક્તો જણાવી આ ખોટી અરજી કરેલ હોય અરજદારની અરજી રદ કરવા અરજ કરેલ છે.

૩... હાલના કામે અરજદાર એ પોતાનો કે સાબિત કરવા નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ.

**(એ) મૌખિક પુરાવો**

1. આંક-14 થી ચામઠા રમીલાબેન મુકેશભાઈની જુબાની.

**(બી) દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી**

3.1.. હાલના કામે સામાવાળાએ પોતાનો કેસ સાબિત કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે.

**(એ) મૌખિક પુરાવો**

1. આંક-17 થી ચામઠા મુકેશભાઈ રમેશભાઈની જુબાની.

**(બી) દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી**

૪.. હાલના કામે વધુ પુરાવો રજૂ કરવો નથી તે અંગેની ક્લોઝિંગ પુરસીસ અરજદાર તરફે આંક-16 થી તથા સામાવાળા તરફે આંક-18 થી રજુ થયેલ છે.

**૫.. હાલના કામે પુરાવો પૂરો થયા બાદ આ કામ અરજદાર તરફેની દલીલો સાંભળવા માટે રાખવામાં આવેલ. અરજદાર તરફે વિદ્વાન વકીલશ્રી અરજદાર ની અરજીની હકીકતો મુજબ દલીલ કરતા જણાવે છે કે, હાલના કામે પુરાવો પૂરો થયા બાદ આ કામ અરજદાર તરફેની દલીલો સાંભળવા માટે રાખવામાં આવેલ. અરજદાર તરફે વિદ્વાન વકીલશ્રી ડી જે સેવક અરજદારની અરજીની હકીકતો મુજબ દલીલ કરતા જણાવે છે કે, અરજદારની અરજી માં જણાવેલ તમામ હકીકતો સાચી અને ખરી છે, અરજદારના લગ્ન સામાવાળા નંબર 1 સાથે થયેલાનો કોઈ ઇનકાર નથી. પ્રોટેક્શન અધિકારીશ્રીએ અરજીની તમામ હકીકતો અનુસારનો રિપોર્ટ રજૂ કરેલ છે. અરજદારનુ આણું કરીને લઈ ગયા બાદ, અરજદાર ઘરનું રાચરચીલું લઈને સામેવાળા સાથે રહેવા ગયેલા,**

સામાવાળાને અન્ય સ્ત્રી સાથે સંબંધો હોય, અરજદારને શારીરિક માનસિક ત્રાસ આપેલ છે, જે રેકોર્ડ ઉપર આવેલ છે, જેથી અરજીમાં જણાવેલ તમામ દાદ મંજૂર કરવા વિનંતી કરેલ છે.

સામાવાળા તરફે વિદ્વાન વકીલશ્રી એમ એલ સોલંકી દલીલ કરતા જણાવે છે કે, અરજદારે સામાવાળાઓએ તેમને તરછોડેલા હોવાનું અને તેમના મા-બાપને ત્યાં ઓશિયાળુ જીવન જીવતા હોવાનું પોતાની અરજીમાં જણાવેલ છે, પરંતુ આંક 14 નીચેની ઉલટતપાસ જોવામાં આવે તો સમાવાળાના કાકાના દીકરા ભાઈ ભરતભાઈની દીકરી શીતલબેનનો સંબંધ અરજદારના ભાઈ સાથે કરેલ, તેની તકરાર સિવાય અન્ય કોઈ તકરાર ન હોવાનું અરજદારે સ્વીકારેલ છે. તેથી વિશેષ માલપુર મુકામે મીટીંગ થયેલી ત્યાં પણ અરજદારના માતા-પિતા માન્યા નહીં તેથી સમાધાન થયેલું ન હોવાનુ પણ અરજદાર સ્વીકારે છે. વળી અરજદાર જણાવે છે કે જો સામાવાળા છૂટાછેડા આપી દે તો કોઈ તકરાર રહી નહીં, આમ, હાલની અરજીનું કારણ માત્ર આ અરજદારના ભાઈ અને શીતલનો સંબંધ તૂટ્યો તે છે, હાલમાં અરજદાર તેમના માતા-પિતાને ત્યાં સ્વેચ્છાએ રહે છે. અરજદારે અરજીમાં જે કારણો દર્શાવ્યા છે તે સંતોષાતા નથી. આમ અરજદાર ખોટી હકીકતો આધારે સોગંદ ઉપર ખોટી અરજી કરેલ છે, જે અરજી રદ થવા પાત્ર છે. તેથી વિશેષ સામેવાળા પણ પોતાની ઉલટ તપાસમાં અરજદાર સાથેની મુખ્ય તકરારમાં આ સગપણ તૂટ્યાનું મુખ્ય કારણ હોવાનું સ્વીકારે છે, આમ, અરજદાર ખોટું બોલવાની ટેવ વાળા હોવાનું સ્પષ્ટપણે ઉભરી આવે છે. આમ સમગ્ર હકીકતે અરજદારની સમગ્ર અરજી જોવામાં આવે તો સામાવાળાઓને માત્ર હેરાન પરેશાન કરવા સારું હાલની આ અરજી કરેલ હોય અરજદાર ની અરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

(૬).. રેકર્ડ ઉપરની તમામ હકીકતો તેમજ બંને પક્ષની રજૂઆતો ધ્યાનમાં લેતા હાલની અરજીના ન્યાયિક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## મુદ્દાઓ:-

૧. શું અરજદાર પુરવાર કરે છે કે, સામાવાળા સાથે કૌટુંબિક સંબંધ ધરાવે છે અને ઘરેલુ હિંસા ધારાની કલમ 2(એ) ની વ્યાખ્યામાં વ્યથિત વ્યક્તિ તરીકે અરજદારનો સમાવેશ થાય છે ?

૨. શું અરજદાર પુરવાર કરે છે કે, સામાવાળાએ અરજદાર ઉપર કૌટુંબીક હિંસાનું કૃત્ય કરેલ

છે ?

૩. શું અરજદાર માંગ્યા મુજબની દાદ મેળવવા હકદાર છે ?

૪. શું હુકમ ?

(૭).. ઉપરોક્ત મુદ્દાઓના મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબના છે.

૧. નકારાત્મક

૨. નકારાત્મક

૩. નકારાત્મક,

૪. આખરી હુકમ મુજબ.

## -: કા ર ણો :-

(૮).. અરજદારે પોતાની અરજીના સમર્થનમાં આંક- 14 થી સોગંદ ઉપર જુબાની આપેલ છે અને તેમાં તેમણે અરજીની હકીકતોને સંપૂર્ણપણે સમર્થન આપેલ છે, અરજદારને તેણીની જુબાનીમાં પોતાની અરજીમાં જણાવેલ હકીકતોનું પુનરાવર્તન કરેલ છે. તેમજ, આ કામના અરજદારની સામાવાળા તરફથી ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં સોગંદ ઉપર તેણી જણાવે છે કે, "હું ધોરણ આઠ સુધી ભણેલ છું. એ વાત ખરી છે કે મારા લગ્ન નાની ઉંમરે થયેલા. એ વાત ખરી નથી કે મારા લગ્ન નાની ઉંમરે થયેલ હોય મને પહેલાથી જ આ લગ્ન મંજુર ન હતા. મને એ વાતની ખબર છે કે નાની ઉંમરે લગ્ન કરવા તે ગુન્હો બને છે. એ વાત ખરી છે કે અમારા સમાજમાં વર પક્ષ વાળા પ્રથમ કન્યા પક્ષને પૈસા આપે તો જ લગ્ન થાય છે. એ વાત ખરી નથી કે આ રીવાજ પ્રમાણે મારા પિતાએ સામાવાળાઓ પાસેથી રૂપીયા એક લાખ વીસ હજાર લીધેલા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મારા પિતાએ રૂપીયા બાસઠ હજાર લીધેલા છે. એ વાત ખરી નથી કે અમારા સમાજમાં કરીયાવરનો રીવાજ નથી. એ વાત ખરી છે કે સામાવાળા તરફથી મને લગ્ન વખતે ચાંદીનું મંગળસુત્ર, પગના છડા, કેડ આંકડો, સાંકળી આપવામાં આવેલ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તે પૈકી મંગળસુત્ર સીવાય તમામ દાગીના મારી સાસરીમાં છે. એ વાત ખરી છે કે ભરતભાઇની દીકરી શીતલબેનનો સંબંધ આ કામના સામાવાળાઓએ કરાવ્યો તેની અમારે તકરાર છે. એ વાત ખરી છે કે આ સીવાય અમારે બીજી કોઇ તકરાર નથી. એ વાત ખરી છે કે લગ્ન બાદ શરૂઆતમાં હું તથા મારા પતિ હીંમતનગર

મુકામે છુટક મજુરી માટે રહેતા હતા. એ વાત ખરી નથી કે તે સમયે મે મારા પીયરવાળાઓને બોલાવી સામાવાળા નં. ૧ સાથે ઝગડો કરી મારા પીયરીયાઓ સાથે મારા પીયરમાં આવી ગયેલ. એ વાત ખરી નથી કે તે સમયે મારા પીયરયાઓએ મારા પતિને ધમકી આપેલી. એ વાત ખરી છે કે ત્યારબાદ મને તેડી જવા માટે માલપુર મુકામે મીટીંગ થયેલી. એ વાત ખરી છે કે તે સમયે મારા માતા-પિતા ન માનેલ જેથી સમાધાન થયેલ નહી. એ વાત ખરી છે કે આ સામાવાળા મને છુટાછેડા આપી દે તો મારે બીજી કોઇ તકરાર રહે નહી. એ વાત ખરી છે કે અરજી કરવાનું કારણ પણ આ જ છે. એ વાત ખરી છે કે હાલમાં હું મારા પીયરમાં મારી સ્વેચ્છાએ રહુ છું. એ વાત ખરી નથી કે સામાવાળા નં. ૨ થી ૬ અલગ અલગ જગ્યાએ મજુરી અથે" રહે છે. સામાવાળા અન્ય સ્ત્રી સાથે સંબંધ ધરાવતો હોવાની કે શારીરીક માનસિક ત્રાસ આપેલ હોવા બાબતની અમોએ કોઇ જગ્યાએ ફરીયાદ કરેલ નથી. એ વાત ખરી છે કે મારી સરતપાસના પેરા નં. ૨ માં જણાવેલી હકીકતો અંગે પણ મે કોઇ પોલીસ ફરીયાદ કરેલ નથી. એ વાત ખરી નથી કે સામાવાળા છુટક મજુરી કરી પોતાનું ગુજરાન ચલાવે છે. એ વાત ખરી નથી કે સામાવાળા શાકભાજીનો વેપાર કરતા હોવાની હકીકત હું ખોટી જણાવું છું. એ વાત ખરી નથી કે સોગંદ ઉપર ખોટી હકીકતો જણાવી ખોટી માંગણી કરી ખોટી અરજી કરેલ છે. "

**૮.૧.** આંક - ૧૭ થી સામાવાળા નં-૧નાએ પોતાના જવાબની હકીકત સરતપાસમા જણાવેલ છે, તેઓની બચાવ પક્ષે થયેલ ઊલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે, " મારા લગ્ન અરજદાર સાથે સને ૨૦૨૦ માં થયેલા અને સને ૨૦૨૩ માં આણું કરી તેડી લાવેલ. અમારા પરીવારમાં કુલ આઠ સભ્યો છે. મારી પત્ની સને ૨૦૨૩ થી અમારી સાથે અમારા ઘરે રહેલી. અમારે કોઇ વાહન નથી. મારી પત્ની મારા ઘરે આવી ત્યારે રસોડાસેટ, ગાદલાં, તીજોરી, પેટી પલંગ વિગેરે લઇ આવેલી. એ વાત ખરી નથી કે અરજદાર મારા ઘરે આવી ત્યારે ચાંદીના કુલ, ચાંદીની પાંચી પણ લઇને આવેલી. એ વાત ખરી નથી કે હું અને મારી પત્ની સને ૨૦૨૩ થી સંયુકત કુટુંબમાં રહેતા હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે હીંમતનગર મુકામે અમો છુટક મજુરી કરી હું અને મારી પત્ની બંને અલગ રહેતા હતા. એ વાત ખરી નથી કે મને મારી પત્ની ગમતી ન હોય હું અને મારો પરીવાર તેણીને મારઝુડ કરી જેમતેમ બોલતા હતા. એ વાત ખરી નથી કે મે મારી પત્નીને બે થી ત્રણ વાર ગાડી પાછળ બાંધી તેને દોડાવેલી. અમારે કોઇ ટાટા એસી ગાડી નથી. એ વાત ખરી નથી કે અમો અરજદારને વારંવાર તારા બાપના ઘરેથી પૈસા લઇ આવ અને વ્યવસાય કરીએ તેવું કહેતા હતા. એ વાત ખરી છે કે અરજદાર સાથે લગ્ન કરેલ હોય તેની ભરણપોષણની જવાબદારી મારી છે. એ વાત ખરી નથી કે હું મારા સરતપાસના પેરા

નં. ૪ ની હકીકતો ખોટી જણાવું છું. મારા લગ્ન જીવનના ભંગાણનું કારણ મારા કાકાના ઘરે મારા સાળાનું સગપણ નકકી કરેલું અને તે તુટી ગયેલ તે હતું. એ વાત ખરી છે કે અરજદારના કાકાની દીકરીઓના સગપણ પણ મારા કુટુંબમાં થયેલા છે. એ વાત ખરી નથી કે અમોએ અરજદારને શારીરીક માનસીક ત્રાસ આપ્યો તેના કારણે આ અરજી કયા" બાદ મારા સાળાનું સગપણ તુટેલ છે. એ વાત ખરી નથી કે અરજદાર તેમના પિયર ગયા બાદ પણ હું બે થી ત્રણ વાર રાત્રીના દસ વાગ્યે તેણીને તથા તેના પરીવારને ધમકી આપવા તેણીના પીયરમાં ગયેલો. મે સરતપાસનું સોગંદનામું વાંચેલું છે. એ વાત ખરી નથી કે મારા જવાબ તથા સરતપાસના સોગંદનામામાં જણાવેલ તમામ હકીકતો ઉપજાવી કાઢી ખોટી જણાવેલ છે. એ વાત ખરી છે કે મારા ઉપર મારી પત્નીના ભરણપોષણ સીવાય અન્યની કોઇ જવાબદારી નથી. એ વાત ખરી નથી કે સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છું." તેમ જણાવેલ છે.

**<u>મુદ્દા નંબર 1 અને 2:-</u>**

(૯).. ઉપર ઉપરોક્ત બંને મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલા હોય અને તેની હકીકતો એકબીજા સાથે સંલગ્ન હોય બંને મુદ્દાઓની ચર્ચામાં હકીકતોનો પુનરાવર્તન ટાળવા માટે બંને મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવે છે.

(૯.૧).. આ કામે બંને પક્ષકારોની રજૂઆત સાથે, સાબિતીના બોજા અંગેની જોગવાઈઓ ધ્યાને લઈએ તો, જે વ્યક્તિ કોઈ હકીકતનું પ્રતિપાદન કરતી હોય તેમણે તેવી હકીકતો સાબિત કરવાની રહે છે અને તેવી હકીકતોનું અસ્તિત્વ પુરવાર કરવા માટે હકારાત્મક પુરાવાની અપેક્ષા રાખવામાં આવે છે. સાબિતીના બોજા અંગેની બીજી મહત્વની બાબત એ છે કે જે પક્ષકાર ઉપર કોઈ હકીકત કે મુદ્દો સાબિત કરવાનો બોજો હોય તે સાબિતીનો બોજો ન્યાયિક કાર્યવાહી દરમિયાન ક્યારેય ખસતો નથી, પરંતુ તે અંગેની જવાબદારી ખસે છે. તેમજ દીવાની કાર્યવાહીની જેમ હાલની અરજીની કાર્યવાહીમાં પણ પક્ષકારે પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીની રુએ હકીકતોની માત્ર સંભાવનાઓ જ દર્શાવવાની રહે છે.

હવે ન્યાય મેળવવા માટે કોર્ટ સમક્ષ આવનાર વ્યક્તિ હંમેશા સાચું જ બોલે, તે કાનૂની પ્રક્રિયાનો પાયો છે. સુપ્રસિદ્ધ હિન્દુ ગ્રંથ મહાભારતમાં શાંતિ પર્વના શ્લોક નંબર 24 માં વર્ણવેલ છે કે,

**नास्ति सत्यात्परो धर्मो नानृतात्पातकं परम् ।**

**स्थितिर्हि सत्यं धर्मस्य तस्मात्सत्यं न लोपयेत् ॥**

**अर्थ:** सत्य से बढ़कर कोई धर्म नहीं है और असत्य (झूठ) से बढ़कर कोई पाप नहीं है। सत्य ही धर्म का आधार है, इसलिए मनुष्य को कभी भी सत्य का त्याग नहीं करना चाहिए।

તે જ હકીકતને "मनुस्मृति, चतुर्थ अध्याय (Chapter 4), श्लोक 256માં આ રીતે જણાવેલ છે,

**"वाच्यर्था नियताः सर्वे वाङ्मूला वाग्विनिसृताः। तान्स्तु यः स्तेनयेद्वाचं स सर्वस्तेयकृन्नरः॥"**

**अर्थ:** सारे व्यवहार वाणी पर निर्भर करते हैं, वाणी ही सबका मूल है। जो मनुष्य अपनी वाणी में छल करता है (झूठ बोलता है), वह सब कुछ चुराने वाले महाचोर के समान पाप का भागी होता है।

તે જ હકીકતને સુપ્રસિદ્ધ સંત કબીરદાસજીએ

**"सांच बराबर तप नहीं, झूठ बराबर पाप।**

**जाके हिरदे सांच है, ताके हिरदे आप॥"** રૂપે અને ગોસ્વામી તુલસીદાસજીએ રામચરિત માનસમાં ઉત્તરકાંડના दोहा 102 (क) માં જણાવેલ છે કે,

**"नहिं असत्य सम पातक पुंजा। गिरि सम होहिं कि कोटिक गुंजा॥"**

**"धरमु न दूसर सत्य समाना। आगम निगम पुरान बखाना॥"**

**अर्थ:** सत्य के समान दूसरा कोई धर्म नहीं है, ऐसा वेद, पुराण और शास्त्र कहते हैं। इसका उल्टा, असत्य ही सबसे बड़ा अधर्म है।

શ્રીમદ ભગવત ગીતામાં 17 માં અધ્યાયમાં શ્લોક નંબર 15 થી

**અનુદ્વેગકરં વાક્યં સત્યં પ્રિયહિતં ચ યત્ ।**
**સ્વાધ્યાયાભ્યસનં ચૈવ વાઙ્મયં તપ ઉચ્યતે ॥ ૧૫ ॥**

એટલે કે, જે વચન કોઈને ઉદ્વેગ ન પમાડનારૂં, સાચું, પ્રિય તેમજ હિતકારક હોય અને જે વેદ-શાસ્ત્રોના પઠન તથા ભગવાનના નામ-સ્મરણનો અભ્યાસ છે, તેને વાણીનું તપ કહેવામાં આવે

છે. ઉત્તમ વાણીના ચાર લક્ષણો જણાવ્યા છે: તે સાચી હોવી જોઈએ, સાંભળનારને પ્રિય લાગે તેવી હોવી જોઈએ, તેનું કલ્યાણ કરનારી (હિતકારી) હોવી જોઈએ અને તેનાથી કોઈના મનને દુઃખ ન થવું જોઈએ.

તે પ્રમાણે ભારતીય કાનૂની વ્યવસ્થા અને વૈશ્વિક ન્યાયશાસ્ત્રના સંદર્ભમાં આ બાબતને ***"Clean Hands Doctrine"***ના સુપ્રસિદ્ધ કાનૂની સિદ્ધાંત, તથા ***"Legal Obligation of Oath"*** સાથે જુએ છે. જો કોઈ પક્ષકાર અદાલત સમક્ષ ખોટું બોલે, તથ્યો છુપાવે અથવા કપટ કરે, તો અદાલત તેને કોઈપણ પ્રકારની કાનૂની દાદ આપવાનો ઇનકાર કરી શકે છે. પક્ષકાર પાસેથી અપેક્ષા રાખવામાં આવે છે કે તેઓ પરમ સદભાવના પૂર્વક તમામ હકીકતો કોર્ટ સામે રાખે, જો કોઈ પક્ષકાર પોતાના ફાયદા માટે મહત્વની હકીકતો છુપાવે, (Suppression of Material Facts) અથવા અદાલતને ગેરમાર્ગે દોરે (Misrepresentation) તો કોર્ટ તેની અરજીની સખત દંડ સાથે ફગાવી શકે છે. વળી ખોટું બોલીને અથવા ખોટા દસ્તાવેજો રજૂ કરીને કોર્ટનો સમય બગાડવો તેને ***Abuse of the Process of Court*** ગણવામાં આવે છે. અદાલતો આવા કિસ્સામાં કડક વલણ અપનાવે છે, કારણ કે તે ન્યાયની પ્રક્રિયામાં અવરોધ ઊભો કરે છે. આમ અદાલત સમક્ષ સાચું બોલવું એ માત્ર નૈતિક ફરજ નથી પરંતુ પૂર્ણ કાનૂની ફરજ છે. સત્ય વગર ન્યાયનો પરાજય થવાનું જોખમ રહે છે જેને રોકવા માટે કાયદો ખોટું બોલનાર પ્રત્યે અત્યંત કડક છે.

(૧૦).. આમ, ઉપરોક્ત હકીકત સાથે આ કામે રજૂ થયેલ તમામ પુરાવાઓ ધ્યાને લેતા આ કામે અરજદારે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં પુરાવો રજૂ કરેલ છે તે પોતાની અરજી મુજબ સરતપાસનું સોગંદનામુ રજૂ કરેલ છે, જે ધ્યાને લેતા અરજદાર નંબર 1 ના લગ્ન સામાવાળા નંબર 1 ની સાથે થયેલાની હકીકતને પડકારવામાં આવેલ નથી અને આ કામના સામાવાળાએ આંક 12 વાળા જવાબમાં લગ્નનો સ્વીકાર કરેલ છે. આમ અરજદાર અને સામાવાળા નંબર 1 ના લગ્ન થયેલ છે તે હકીકત સ્વીકૃત હકીકત છે. આમ, પક્ષકારોની આ સ્વીકૃત હકીકત ધ્યાને લેતા અરજદારે તથા સામાવાળા નંબર - 1 નાએ કૌટુંબિક જીવન વ્યતિત કરેલ છે, તે હકીકત પુરવાર ગણવામાં આવે છે, જેથી અરજદારની સામાવાળા નંબર 1 સાથે કાયદેસરના પત્ની તરીકે રહેલા હોવાની હકીકત પુરવાર માનવામાં આવે છે.

હાલના આ કામે બંને પક્ષકારોની રજૂઆત સાથે ઘરેલુ હિંસા ધારાની જોગવાઈઓ અને તેમાની

વ્યાખ્યા ધ્યાને લઈએ તો વ્યથિત વ્યક્તિની વ્યાખ્યા કલમ 2(A) માં નીચે મુજબના શબ્દોમાં જણાવવામાં આવેલ છે.

**"વ્યથીત વ્યક્તિ એટલે કે કોઈપણ સ્ત્રી કે જે સામાવાળા સાથે કૌટુંબિક સંબંધમાં હોય અથવા સંબંધિત હોય અને સામાવાળા દ્વારા કૌટુંબિક હિંસાનું કોઈ પણ કૃત્યનો ભોગ બની હોવાનો આક્ષેપ કર્યો હોય."**

આમ, હાલના કામે અરજદાર તે સામાવાળાની સાથે કૌટુંબિક સંબંધમાં હોય અને અરજદારે સામાવાળા દ્વારા કૌટુંબિક હિંસાનું કૃત્ય કરેલાનો અરજદાર ભોગ બનેલ હોવાનો આક્ષેપ કરેલ હોય, અને તે આક્ષેપોને આંક 5 થી ઘરેલુ હિંસાના બનાવનો અહેવાલ તૈયાર કરનાર ડીસ્ટ્રીક પ્રોટેક્શન ઓફિસરનાઓએ સમર્થન કરેલ છે, તેઓની પ્રાથમિક તપાસમાં અરજદાર સાથે હિંસાના બનાવો બનેલ હોવાનો અહેવાલ રજૂ થયેલ છે. પરંતુ અરજદારની અરજી તેમજ સર તપાસના સોગંદનામામાં પોતાની અરજી કરવાનું કારણ દર્શાવી જણાવેલ છે કે, **" સામાવાળા અન્ય સ્ત્રી સાથે શારીરિક સંબંધ ધરાવતા હોય અરજદારને મા બેન સમાણી ગાળો બોલી અને માનસિક તથા શારીરિક ત્રાસ આપેલ, જેને અન્ય સામાવાળાઓએ સહયોગ આપેલ, અરજદારને ઘરમાં પૂરી નિર્વસ્ત્ર કરી ચામડાના પટ્ટા વડે દિવસમાં બે થી ત્રણ વાર મારતા અને નિર્વસ્ત્ર કરી આખા ઘરમાં ફેરવતા, અને તેમના દિયરને બોલાવી બળાત્કાર કરાવવાના પ્રયત્નો કરેલ, તેમજ નિર્વસ્ત્ર કરી ટાટા એઈસી ગાડી પાછળ બાંધી આખા ફળિયામાં નિર્વસ્ત્ર કરી ઢોર માર મારી ફેરવેલ"** તેમ જણાવેલ છે. અરજદારે આ અરજીમાં ક્યારથી તેઓ તેમના પિયરમાં રહે છે તે અંગે કોઈ ચોક્કસ હકીકતો જણાવેલી નથી. તેની સામે અરજદાર ની આંક 14 નીચેની ઉલટ તપાસ જોઈએ તો સ્પષ્ટપણે અરજદારે કબુલ કરેલ છે કે, **" એ વાત ખરી છે કે ભરતભાઈની દીકરી શીતલબેનનો સંબંધ આ કામના સામાવાળાઓએ કરાવ્યો તેની અમારી તકરાર છે. <u>એ વાત ખરી છે કે આ સિવાય અમારે બીજી કોઈ તકરાર નથી</u>. ....એ વાત ખરી છે કે ત્યારબાદ મને તેડી જવા માટે માલપુર મુકામે મીટીંગ થયેલી. એ વાત ખરી છે કે તે સમય મારા માતા-પિતા ન માનેલ જેથી સમાધાન થયેલ નહીં. એ વાત ખરી છે કે <u>આ સામાવાળા મને છુટાછેડા આપી દે તો મારે બીજી કોઈ તકરાર રહે નહીં</u>. એ વાત કરી છે કે <u>અરજી કરવાનું કારણ પણ આ જ છે</u>. એ વાત ખરી છે કે <u>હાલમાં હું મારા પિયર માં મારી સ્વેચ્છાએ રહું છું.</u>** આમ અહીં અરજદાર સ્પષ્ટપણે સ્વીકારે છે કે તેણી તથા સામાવાળા નંબર 1 વચ્ચેનું લગ્નજીવન ભંગાણ પડવાનું મુખ્ય કારણ ભરતભાઈની દીકરી શીતલબેનનો સંબંધ સામાવાળાઓએ કરાવેલો તે જ માત્ર છે. આ

સિવાય તેમને અન્ય કોઈ જ તકરાર ન હોવાનું સ્પષ્ટપણે સોગંધ ઉપર અરજદારે સ્વીકારેલ છે. અરજદાર એ પોતાની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે તેમ તેણીને સામાવાળા નંબર 1 સાથે છૂટાછેડા જોઈએ છે, તેથી જ હાલની આ અરજી કરેલ છે. વળી અરજીના પેરા નંબર 2માં અરજદારે જે આક્ષેપો કરેલા છે, તેવા તેણીને નિર્વસ્ત્ર કરી ફેરવેલ હોય કે માર મારેલ હોય કે તેણી ઉપર બળાત્કારની કોઈ કોશિશ કરવામાં આવેલ હોય તો આવા ગંભીર પ્રકારના કૃત્ય અંગે પણ તેણીએ કોઈ જ પોલીસ ફરિયાદ કરેલ ન હોવાનું અરજદારે સ્વીકારેલ છે. તેથી વિશેષ અરજદારની સામાવાળા તરફે કરવામાં આવેલી ઉલટ તપાસમાં અરજદારે સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે, **એ વાત ખરી છે કે હાલમાં હું મારા પિયરમાં મારી સ્વેચ્છાએ રહું છું,** અહીં અરજદારની અરજીમાં જણાવેલ, પોતાના પિયરમાં ઓશિયાળું જીવન જીવતા હોવાની હકીકત ખોટી જણાવેલ હોવાનું પુરવાર થાય છે. તેથી વિશેષ સામાવાળા અન્ય સ્ત્રી સાથે સંબંધ ધરાવતા હોવાનું પણ અરજદારે કોઈ માની શકાય તેવા પુરાવાથી પુરવાર કરેલ નથી. તે રીતે અરજદારે નામદાર કોર્ટ સમક્ષ આંક 1ની અરજીમાં તથા આંક 14ની સરતપાસમાં સોગંદ ઉપર અસત્ય હકીકતો જણાવેલ હોવાનું સ્પષ્ટ થાય છે. અરજદાર હાલમાં તેમના પિતાના ઘરે ઓશિયાળુ જીવન જીવતી હોવાની હકીકત પણ અરજદારે ખોટી જણાવેલ છે. જેથી ઉપર ચર્ચા કરી તે અનુસાર કોર્ટ સમક્ષ અસત્ય કે જૂઠું બોલનાર વ્યક્તિને કોઈ દાદ મળી શકે નહીં. કારણ કે પક્ષકાર પાસેથી અપેક્ષા રાખવામાં આવે છે કે તેઓ પરમ સદભાવનાપૂર્વક તમામ હકીકતો કોર્ટ સામે રાખે, જો કોઈ પક્ષકાર પોતાના ફાયદા માટે મહત્વની હકીકતો છુપાવે અથવા અદાલતને ગેરમાર્ગે દોરે તો કોર્ટ તેની અરજીની સખત દંડ સાથે ફગાવી શકે છે.

આ ઉપરાંત અરજદારની સમગ્ર ઉલટ તપાસ જોવામાં આવે તો અરજદાર પોતાની અરજી તથા સરતપાસના સોગંદનામામાં જણાવે છે કે, તેણી કરિયાવર, દાગીના વિગેરે લઈ સંયુક્ત કુટુંબમાં રહેવા આવેલી. જ્યારે પોતાની ઉલટ તપાસમાં સ્પષ્ટપણે એમ સ્વીકારે છે કે, **એ વાત ખરી છે કે અમારા સમાજમાં વરપક્ષ વાળા પ્રથમ કન્યાપક્ષને પૈસા આપે તો જ લગ્ન થાય છે. .....સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મારા પિતાએ રૂપિયા 62000 લીધેલા છે.** આમ અરજદાર આ બંને પરસ્પર વિરુદ્ધ હકીકતો સોગંદ ઉપર જણાવે છે. તેથી વિશેષ લગ્ન બાદ સંયુક્ત કુટુંબમાં રહેવા ગયેલ હોવાનું અરજદારે જણાવેલ છે, તેની સામે ઉલટ તપાસમાં અરજદાર એમ પણ સ્વીકારે છે કે, **એ વાત ખરી છે કે લગ્ન બાદ શરૂઆતમાં હું તથા મારા પતિ હિંમતનગર મુકામે છૂટક મજૂરી માટે રહેતા હતા.** આમ લગ્ન બાદ અરજદાર સામાવાળા નંબર 1 સાથે હિંમતનગર મુકામે રહેવા

ગયેલ હોવાનું સ્વીકારેલ હોય સંયુક્ત કુટુંબમાં ક્યારે અને કેટલો સમય રહેલ તે અંગે પણ અરજદાર તરફે કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી. આ કામે અરજદારને કોઈ શારીરિક માનસિક ત્રાસ આપવામાં આવેલ હોય તેવા કોઈ ચોક્કસ બનાવોને અરજદાર જણાવી શકતા નથી, કે તેવા ત્રાસ અંગેની કોઈ ફરિયાદ કરેલ હોય તેવું પણ બનેલ નથી અને ઉલટતપાસમાં તેવી ફરિયાદ કર્યાનો ઇનકાર કરેલ છે. તેથી વિશેષ અરજદાર તરફે નિર્વાસ્ત્ર કરી તેના ફળિયામાં ફેરવેલ હોવાથી કોઈ એક પણ સાહેદને પણ કોર્ટ સમક્ષ લાવી તપાસેલા નથી. તેથી વિશેષ સામાવાળાએ પણ પોતાની આંક 17 નીચેની ઉલટતપાસમાં **તેમના લગ્ન જીવનના ભંગાણનું કારણ તેમના કાકાના ઘરે તેમના સાળાનું સગપણ નક્કી કરેલું અને તે તૂટી ગયેલ તે હતું** તેમ સ્વીકારેલ છે. આમ ઉપર ચર્ચા કર્યા અનુસાર અરજદારની ઉલટ તપાસ તથા રેકર્ડ ઉપર આવેલો સમગ્ર પુરાવો એક નજરે જોવામાં આવે તો અરજદારને અરજીમાં જણાવ્યા મુજબનો, સામાવાળાઓએ કોઈ શારીરિક-માનસિક ત્રાસ આપેલ હોય તેવું ચોક્કસ પુરાવાના અભાવે માની શકાય તેમ નથી.

(૧૧).. ઉપરોક્ત અરજદારની સમગ્ર જુબાનીને એક નજરે જોવામાં આવે તો તે હકીકત માનવા લાયક છે કે હાલના અરજદાર અને સામાવાળા નંબર 1 વચ્ચે લગ્નજીવન ભંગાણે પડેલ છે, પરંતુ અરજદારના જણાવ્યા મુજબ આ લગ્નજીવન વચ્ચેના ભંગાણનું કારણ સામાવાળાના અન્ય સ્ત્રી સાથેના સંબંધ, કે અરજદારને નિર્વસ્ત્ર કરી, બળાત્કારની કોશિશ કરી અને શારીરિક-માનસિક ત્રાસ હોવાનુ કોઈ રીતે માની શકાય તેમ નથી. અરજદારે જે અરજીની હકીકતો જણાવેલી છે, તેની સામે બચાવપક્ષે અરજદારની ઉલટતપાસ લીધેલ છે તેમાં અરજદારને ત્રાસ હોવાની હકીકતોનું ખંડન થાય છે. અરજદારે પોતે કરેલા અક્ષેપોને ઉલટતપાસમાં વળગી રહેલ નથી અને તેણીએ ભરતભાઈની દીકરી શીતલબેનનો સંબંધ આ કામના સામાવાળાઓએ કરાવ્યો તેની અમારી તકરાર હોવાનો અને તે સિવાય અરજદારને **બીજી કોઈ તકરાર ન હોવાનું** પુરવાર થયેલ છે. તેથી વિશેષ સામાવાડા તરફે અરજદારની તેડી જેવા સારું પણ પ્રયત્ન કરવામાં આવેલ છે પરંતુ **અરજદારના માતા-પિતા ન માનેલ જેથી સમાધાન થયેલ નહીં,** તેવી હકીકત પણ રેકોર્ડ ઉભરી આવે છે. આમ અરજદારને સામાવાળા પાસેથી માત્ર છૂટાછેડા જોઈએ છે, તે સિવાય અરજદારની અન્ય કોઈ જ તકરાર ન હોવાનું તેણીએ સ્વીકારેલ છે, અને આ અરજી કરવાનું કારણ પણ માત્ર છુટાછેડા લેવાનું હોવાનું તેણીએ ઉલટતપાસમાં સ્પષ્ટપણે સ્વીકારેલ છે. એટલું જ નહીં પરંતુ સામેવાળાઓ ઉપર ખોટા આક્ષેપો નાખેલ હોવાનું સ્પષ્ટ થાય છે. આમ સમગ્ર હકીકતે સામાવાળાઓ તરફથી અરજદારની કોઈ ત્રાસ હોવાનું કે ઘરેલુ હિંસા થયેલ હોવાનું કોઈ પણ રીતે

પુરવાર થતું નથી.

(12) ઘરેલુ હિંસા ના કાયદાનો હેતુ, ઘરેલુ હિંસા નો અર્થ તથા આ કાયદાની જરૂરિયાત ઊભી થવાના કારણો સમજવા અત્યંત જરૂરી છે, જે મુજબ

**ઘરેલુ હિંસાના કાયદાનો હેતુ:-**

ઘરેલુ હિંસા અધિનિયમ-2005 એ સપ્ટેમ્બર 2005 માં ભારતીય સંસદ દ્વારા ઘડવામાં આવેલ છે. આ કાયદો ભારતના તમામ રાજ્યોમાં લાગુ પાડવામાં આવેલ છે. આ કાયદો જુદા જુદા પ્રકારની ઘરેલુ હિંસાને સમગ્ર રીતે આવરી લે છે અને આવી હિંસાનો ભોગ બનેલ અથવા ભોગ બનવાની શક્યતા ધરાવતી મહિલાઓ માટે દીવાની કાયદા અંતર્ગત તાત્કાલિક ધોરણે રાહત આપે છે.

આ કાયદો મહિલાને ઘરેલુ હિંસાના ભયમાંથી મુક્ત કરે છે અને બંને પક્ષોને તેમના સંબંધો પર નવેસરથી ચર્ચા (ફેરવિચારણા) કરવા માટે હિંસા મુક્ત વાતાવરણ પૂરું પાડે છે. ઉપરાંત, ભવિષ્ય માટે વિચારપૂર્વક નિર્ણય લેવાની તક આપે છે. ઘરેલુ હિંસા સામેના આ દીવાની કાયદાનું લક્ષ મહિલાને તાત્કાલિક રાહત, તેમજ વળતર અપાવવામાં મદદરૂપ થવાનું છે. તેનો મુખ્ય હેતુ કૌટુંબિક સંબંધોમાં હિંસાને તાત્કાલિક ધોરણે રોકવાનું અને સ્ત્રીના ચિંતામુક્ત રીતે જીવવાના અધિકારને સુનિશ્ચિત કરવાનો છે.

**ઘરેલુ હિંસા એટલે શું ? ( અર્થ):-**

ઘરેલુ હિંસા એટલે મહિલા પર ઘરના સભ્યો અથવા ઘરેલુ સંબંધ ધરાવતી વ્યક્તિ દ્વારા થતી હિંસા. આમાં મુખ્યત્વે નીચે દર્શાવેલ હિંસાઓનો સમાવેશ થાય છે.

1) **શારીરિક હિંસા: એવું કૃત્ય કે,**

1. જેનાથી ભોગ બનનાર મહિલાને શારીરિક તકલીફ કે હાની પહોંચે.
2. જે મહિલાના જીવન, શરીરનું કોઈ અંગ અથવા આરોગ્યને જોખમમાં મૂકે.
3. મહિલાના આરોગ્ય અને વિકાસની કુંઠિત કરે.

2) **જાતીય હિંસા:-**

1. એવી કોઈપણ પ્રકારની જાતીય વર્તણુક કે જે સ્ત્રીની ગરીમાનું અપમાન ભંગ કે અવહેલના કરે, તેના સન્માનને તોડે અથવા તેનું ઉલ્લંઘન કરે.

3) **<u>શાબ્દિક અને ભાવાત્મક હિંસા:</u>-**

1. અપમાન, મશ્કરી, શરમજનક વર્તન, મહેણા ટોણા મારવા, ( બાળક ન હોવાથી દીકરો ન હોવા માટે) કે હાસી ઉડાડવી.

2. બાળકની જાતિ જાણવા માટે પરીક્ષણ કરાવવું, જો દીકરી હોય તો બળજબરીથી ગર્ભપાત કરાવી નાખવો અથવા તે માટે દબાણ કરવું.

3. ભોગ બનનાર મહિલા અથવા તેના સંબંધીઓ ઉપર જબરજસ્તી અથવા દબાણ કરવું અથવા કરાવવું.

4. દહેજ અથવા અન્ય માંગ પૂર્ણ કરવા સતત દબાણ કરવું.

4) **<u>આર્થિક હિંસા:</u>-**

1. દહેજ અથવા બીજી મિલકત કે જામીનગીરી માટેની ગેરકાયદેસર માંગણી પૂર્ણ કરાવવા માટે ભોગ બનનાર મહિલા અથવા તેણી સાથે સંકળાયેલ કોઈ બીજી વ્યક્તિ ઉપર જબરદસ્તી અથવા દબાણ કરવું અથવા કરાવવું.

2. કાયદાકીય રીતે મળવાપાત્ર આર્થિક કે નાણાકીય લાભ થી મહિલાને વંચિત રાખવી, જેમ કે તેના અને બાળકોના ભરણપોષણ માટેનું વળતર, સ્ત્રીધન, વારસાગત મિલકત, ભાડાની આવક વિગેરે પુરા ન પાડવા.

3. ઘરેલુ હિંસાનો ભોગ બનનાર મહિલાનું હિત હોય તેવી ઘરની કોઈપણ વસ્તુ, સ્થાયી કે અસ્થાયી મિલકત, કિંમતી વસ્તુઓ, શેર, બોન્ડ કે અન્ય મિલકત, સંબંધને કારણે સ્ત્રીનો કે તેના બાળકનો હક બનતો હોય તેવી મિલકત, સ્ત્રી ધન કે કોઈ સંયુક્ત મિલકત છીનવી લેવી.

4. કમાતી મહિલાની આવક છીનવી લેવી, ખર્ચ માટે નાણાં ન આપવા વિગેરે.

**<u>ઘરેલુ હિંસાના કાયદાની જરૂરિયાત ઊભા થવાના કારણો:-</u>**

વર્ષ 2005 સુધી સ્ત્રીઓ પર થતી હિંસા સામે ફક્ત મુખ્ય બે જ કાયદાકીય રાહતો અમલમાં હતી, એક છુટાછેડા નો કાયદો, જે દીવાની કાયદો છે અને બીજો ઇન્ડિયન પીનલ કોડ-498-A, જે ફોજદારી કાયદો છે, પરંતુ આ બંને કાયદાઓની અમુક મર્યાદાઓ છે. જેમ કે,

1. ઘરેલુ હિંસાના પ્રશ્નોને બંનેમાંથી એક પણ કાયદો સંબોધતો નથી.

2. ઘરેલુ હિંસા એ એક બહોળા પ્રમાણમાં ફેલાયેલ દુષણ છે, જેનાથી સ્ત્રીઓ પર માનસિક અને શારીરિક રીતે ગંભીર અસરો થાય છે, જેની કોઈ કાયદાકીય સ્વીકૃતિ અન્ય કોઈ કાયદા હેઠળ હાલ સુધી મળેલ ન હતી.

3. અન્ય મહિલા લક્ષી કાયદાઓ લગ્ન બહારના સંબંધોમાં ઊભા થતા પ્રશ્નોને સંબોધિત કરતા નથી. જેને કારણે ઘણી સ્ત્રીઓ કાયદાનો સહારો લઈ શકતી ન હતી.

4. 498-A, જેવા ફોજદારી કાયદામાં લેવાતા પગલાને લીધે સમાધાન/વાટાઘાટોને ઘણો ઓછો અવકાશ રહે છે.

5. અન્ય કાયદાઓ સ્ત્રીઓના પત્ની તરીકેના સંબંધો સિવાયના સંબંધો જેવા કે માતા, પુત્રી, બહેન, પુત્રવધુ જેવા સંબંધોમાં ઊભા થતા ઘરેલુ હિંસાના પ્રશ્નોને સંબોધતા ન હતા.

આ બધા જ કારણોને લીધે એક એવા કાયદાની જરૂરિયાત ઊભી થઈ જે હિંસાનો ભોગ બનેલ મહિલાઓને ઉપર દર્શાવતી રાહતો આપવામાં મદદ કરે.

(13) હાલના કામે અરજદાર તેમજ સામાવાળાના પુરાવાનું મૂલ્યાંકન કરતા નીચે મુજબના તારણ અત્રેની કોર્ટ દ્વારા નોંધવામાં આવેલ છે.

(1) આ કામે અરજદારની અરજી, સોગંદનામુ, પ્રોટેક્શન ઓફિસર્સનો રિપોર્ટ તથા અરજદારની જુબાની તથા સામાવાળાનો પુરાવો તેમજ જવાબ, સોગંદનામુ તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા અરજદાર સાથે કૌટુંબીક હિંસા સામે સ્ત્રીઓના રક્ષણ અધિનિયમની કલમ 3 મુજબ ઘરેલુ હિંસા (શાબ્દિક અથવા ભાવત્મક હિંસા તેમજ આર્થિક હિંસા) થયેલ ન હોવાનું ફલિત થાય છે.

(2) કૌટુંબીક હિંસા સામે સ્ત્રીઓનું રક્ષણ અધિનિયમ 2005, એક વિશિષ્ટ કાયદો છે. જે ભારતીય બંધારણ (The Constitution of India) ના અનુચ્છેદ 14, 15 અને 21

હેઠળ સ્ત્રીઓને અપાયેલા અધિકારોના રક્ષણ કરવાની તથા ઘરેલુ હિંસાની ઘટનામાં ભોગ બનનારને દીવાની તથા ફોજદારી કાયદા હેઠળ જરૂરી ઉપાયો પૂરા પાડવાની વિસ્તૃત જોગવાઈ કરે છે. આ કાયદો ઘરેલુ હિંસાના કેસોમાં પુરાવાના કાયદાના ચુસ્ત સિદ્ધાંતોને અનુસરવાની સલાહ નથી આપતો. આ કાયદામાં ભોગબનાનાર સોગંદ ઉપરના પુરાવા તથા પ્રોટેકશન ઓફિસરના અહેવાલને ધ્યાને લેવો અત્યંત મહત્વનું છે.

તે મુજબ ઉપરોક્ત અરજદારની મુખ્ય હકીકતો જોઈએ તો અરજદાર અને સામાવાળાએ અરજી અને જવાબમાં આક્ષેપ-પ્રતિઆક્ષેપ કરેલા છે. પરંતુ અરજદારે જે શારીરિક માનસિક ત્રાસામાં સામાવાળાઓએ આપેલ હોવાનું જણાવેલ છે તેજ તમામ બાબતો પોતાની ઉલટ તપાસથી ખોટી ઠેરવેલ છે. એટલું જ નહીં પરંતુ અરજદાર નામદાર કોર્ટ સમક્ષ સોગંદનામાંથી ખોટી હકીકતો જણાવેલ હોવાનું સ્પષ્ટ થાય છે. અરજદાર સામાવાળાઓથી સ્વેચ્છાએ અલગ રહેતા હોવાનું સ્વીકાર્ય હકીકત છે. અરજદારો સ્વેચ્છાએ પિયરમાં રહેતા હોવાનું પણ સ્વીકાર્ય હકીકત છે. આમ અરજદાર, સામેવાળા નંબર 1 ના પત્ની હોવા છતાં તેણીએ કરેલું સોગંદનામુ તેમજ રક્ષણ અધિકારીશ્રીનો રિપોર્ટ રેકર્ડ ઉપર હોવા છતાં અરજદારની ઉલટ તપાસ જોવામાં આવે તો સામેવાળાથી અલગ રહેવા સારું સામાવાળાઓનો કોઈ અસહ્ય ત્રાસ હોય તેવું અરજદાર પુરવાર કરી શકેલા નથી. ઊલટાનું અરજદાર કોર્ટ સમક્ષ ખોટી હકીકતો જણાવતા હોવાનું અને સોગંદ ઉપરની ઉલટ તપાસમાં અરજી કરવાનું કારણ માત્ર છુટાછેડા લેવાનું હોવાનું ઉભરી આવેલ છે. આમ અરજદારને, સામાવાળાઓએ કોઇ શારીરિક માનસિક ત્રાસ આપેલ ન હોઇ અરજદારની અરજીની હકીકતો સંપૂર્ણ સત્ય હોવાનું માની શકાય નહીં કે અરજદાર ઉપર ઘરેલુ હિંસાનું કૃત્ય થયેલ હોય કે અરજદાર વ્યથિત વ્યક્તિ હોય અને હાલની આ અરજી કરેલ હોય તેવું ઉપર ચર્ચા કર્યા અનુસાર માની શકાય તેમ નથી. જેથી સંપૂર્ણ પુરાવાને નજર સમક્ષ રાખી મુદ્દા નંબર 1 નો જવાબ **”નકારમાં”** તથા મુદ્દા નંબર 2 નો જવાબ **”નકારમાં”** આપવામાં આવે છે.

## મુદ્દા નંબર 3:-

(14).. અરજદારે માંગેલ દાદમાં સામાવાળા પાસેથી જે દાદ માંગેલ છે, તે હાલના કામે અરજદારે પોતાની અરજીમાં જણાવેલ આક્ષેપોને અરજદારે પુરવાર કરેલ ન હોય, અરજદારની અરજી, રેકર્ડ ઉપરનો પુરાવો તેમજ સામાવાળાઓનો પુરાવો તેમજ જવાબ વિગેરે ધ્યાને લઈ તેઓની માગણી મુજબની કોઈપણ દાદ મંજૂર કરી શકાય નહીં, કે **કોર્ટ સમક્ષ સોગંદ ઉપર ખોટી હકીકતો જણાવતી**

**વ્યક્તિને કોર્ટ કોઈ દાદ આપી શકે નહીં** તેમ આ અદાલત માને છે. આમ સમગ્ર હકીકતે અરજદારે જે ડોમેસ્ટિક વાયોલન્સ એક્ટ નીચે રક્ષણ અને નાણાકીય રાહતોની માંગણી કરેલી છે તે, અરજદારની ખોટી રજૂઆત જોતા મંજૂર કરી શકાય તેમ નથી. જેથી અરજીનો ન્યાયિક અંત અણવા રેકર્ડ ઉપરનો પુરાવો તેમજ પક્ષનિવેદન ધ્યાને લેતા, અરજદારના પુરાવાથી અરજદાર તરફે કરવામાં આવેલ દલીલો કોઈપણ રીતે માનવા લાયક નથી. જ્યારે સામાવાળા તરફે કરવામાં આવેલી રજૂઆતો/દલીલોને બળ મળે છે. આમ સમગ્ર હકીકતે જ્યારે અરજદારો સાથે કૌટુંબીક હિંસા થયેલાનું જ અરજદાર પુરવાર કરી શકેલ ન હોય, ત્યારે માત્ર પ્રોટેક્શન અધિકારીનો રિપોર્ટ ધ્યાને લઈ અરજદાર સાથે કૌટુંબિક હિંસા થયેલાનુ માની શકાય નહીં. વળી અરજદારે કોર્ટ સમક્ષ જુબાનીમાં સોગંદ ઉપર જે હકીકતો સ્વીકારેલી છે તે જોતા અરજદારની અરજી તથા સરતપાસના સોગનનામાની હકીકતો ખોટી ઠરતી હોય અને સામાવાળાઓએ અરજદાર સાથે મારજુડ કરી હોય કે અરજીમાં જણાવે છે તેવું કોઈ પણ કૃત્ય કરી અરજદારને અસહ્ય ત્રાસ આપી, તેણીનો ત્યાગ કરેલ હોવાનું ખોટું જણાતું હોય ત્યારે સામેવાળા નં. 1 તેણીના પતિ હોવા માત્રથી તેઓની સામે માંગ્યા મુજબની કોઈ રાહતો અંગે હુકમ કરી શકાય નહીં, તેમ હું માનું છું. જેથી રેકર્ડ ઉપરનો પુરાવો વિગેરે ધ્યાને લેતા તથા ઉપરોક્ત સંજોગો ધ્યાને લઈ, મુદ્દા નંબર 3 નો જવાબ **"નકારમાં"** આપી, આ અરજીનો ન્યાયીક અંત આણવા, મુદ્દા નંબર 4 પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -:: આ ખ રી  હુ ક મ ::-

- અરજદારોની પ્રોટેક્શન ઓફ વુમન ફ્રોમ ડોમેસ્ટિક વાયોલંસ એક્ટ 2005 ની કલમ 12 તળેની હાલની અરજી આથી નામંજૂર કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ 1લી, માહે-ઓગષ્ટ, સને 2026ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ- 01/08/2026.
સ્થળ - વિરપુર.

(દિલીપસિંહ જસવંતસિંહ ભાટી)
GJ01460
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,
વિરપુર.

*(D. J. Bhati)*
*Judi. Magi. First Class, Virpur.*